મિશન મંગલમ્ રંગ લાવ્યું, સેંકડો મહિલાઓ પગભર બનશે

રાજ્યમાં પહેલીવાર સરકાર પ્રેરિત રાખીમેળા

- **સખીમંડળો, સ્વસહાય જૂથોથી હસ્તકળા ઉદ્યોગનું ટર્નઓવર વધશે**
- **રાખીમેળામાંથી રાખડી ખરીદવા મુખ્યમંત્રીની અપીલ**
- **મોટા શહેરો અને જિલ્લા મથકો પર મહિલા સશક્તિકરણ અભિયાન**

ગાંધીનગર, તા. ૫

હસ્તકળા ઉદ્યોગને વેગવંતો બનાવવા પહેલી વખત ગુજરાતભરમાં ૮મી ઓગસ્ટ એટલે કે રક્ષાબંધનના પર્વ સુધી ખાસ 'રાખી મેળા' નું આયોજન સરકારે કર્યું છે. ગુજરાતના તમામ જિલ્લા મથકો, મોટાશહેરો અને જ્યાં સ્વસહાય જૂથો કાર્યાન્વીત છે તેવા તમામ તાલુકા મથકોએ શરૂ થયેલા સરકાર પ્રેરિત 'રાખી મેળા'માંથી જ રાખડીઓ ખરીદવા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ગુજરાતભરની બહેનોને અપિલ કરી છે. જેથી આર્થિક સ્તરે આત્મગૌરવ સાથે આગળ વધી રહેલી બહેનોને પ્રોત્સાહન મળી શકે.

૧લી ઓગસ્ટથી ૧૫મી ઓગસ્ટ દરમિયાન મહિલા સશક્તિકરણનું પખવાડિયું ઉજવી રહેલી સરકારે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ મારફતે રાજ્યભરમાં રાખી મેળાના સેન્ટરો શરૂ કરાયા છે. જેમાં લગભગ ૩૦૦૦થી વધુ મહિલાઓ દ્વારા બનાવાતી રાખડીઓનું સીધુ વેચાણ કરવામાં આવી રહ્યું છે. હસ્તઉદ્યોગ સાથે સંકળાયેલી બહેનોના હુન્નરને સીધુ બજાર મળે અને બીજી તરફ ગ્રાહકોને સસ્તી, સારી અને ઉત્તમ વસ્તુ મળે તેવા ઉદ્દેશ્યથી આ પહેલી વખત રાખી મેળાનો કોન્સેપ્ટ રાજ્યભરમાં અમલમાં મુક્યો છે. તેને સફળ બનાવવા માટે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે સ્થાનિક શહેરો, જિલ્લાની મહિલા અગ્રણીઓ, સ્વૈચ્છિક સંગઠનોને રાખી મેળાની મુલાકાત લેવા અપિલ કરી છે. ૧૫મી ઓગસ્ટ સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત મહિલાઓને રોજગારની તકો મળી રહે તે માટે રાખી મેળાથી એક નવી શરૂઆત કરવામાં આવી છે. જે આગામી સમયમાં નવરાત્રીમાં ટ્રેડિશનલ ડ્રેસ અને દિવાળી સમયે પણ હસ્તકળા, કુટીર ઉદ્યોગમાં મહિલાઓ દ્વારા તૈયાર થતી ચીજવસ્તુઓનો વેચાણક્ષેત્ર સુધી વિસ્તારાશે.

મુખ્યમંત્રી 'રાખીમેળા'ની રાખડી બાંધશે

અમદાવાદમાં વસ્ત્રાપુર હાટ ખાતે મહિલા બાળ કલ્યાણ મંત્રી વસુબહેન ત્રિવેદીએ ઉદ્‌ઘાટન કર્યું હતુ. ગાંધીનગર સહિત રાજ્યભરના શહેરોમાં આ પ્રકારના રાખી સેન્ટરો શરૂ થયા છે. તેમ જણાવતા પ્રો.વસુબહેન ત્રિવેદીએ કહ્યુ હતુ કે, મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ અને હું પોતે પણ અહીંથી જ રાખડીઓ ખરીદીશું. અત્રે નોંધનિય છે કે, મંત્રીમંડળના સભ્યોને દરવર્ષે રાજ્યના મહિલામંત્રીઓ દ્વારા રાખડી બાંધવામાં આવે છે.

સંતાનપ્રાપ્તિ અભિનંદન

અમો અમો સહર્ષ જણાવીએ છીએ કે અમારા દંપતીના લગ્ન થયાને ૫ વર્ષ અમારા ત્યાં પારણું બંધાયું અને અમારા ત્યાં તા.૪-૨-૧૪ના રોજ બેબીનો જન્મ થયો. તેનો તમામ શ્રેય જનસેવા હોસ્પિટલના ડૉ. પંકજભાઈ પટેલને આપીએ છીએ. કારણ કે અમારી સારવાર દરમ્યાન અમારી હિંમત અને ધીરજ ટકી રહે તે બાબતે ડૉ. શ્રીએ સફળ અને સચોટ માર્ગદર્શન આપ્યું હતું. જેથી અમો ડૉ. શ્રીને અભિનંદન પાઠવીએ છીએ. અમો ગઢવી [illegible] : મુ : હેબતપુર તા-દસાડા-પાટડી, જિ-સુરેન્દ્રનગર મો.નં. [illegible] ના છીએ. આ જનસેવા હોસ્પિટલ - શ્રી સિદ્ધેશ્વર હનુમાનજી સેવા સંકુલ - મુ.: [illegible], વિરમગામથી ૧૪ કિ.મી., માંડલ તરફ આવેલ છે. જેના મો.નં. 94263 72904, 99049 15210 તથા લેન્ડલાઈન નં.- 02757- 257210 છે.

સેલ

• સમય •
સવારે ૧૦.૩૦ થી સાંજે ૭.૩૦ સુધી

ડિઝાઈનર સાડીઓ • ચણિયા ચોળી
સલવાર કમીઝ • ડ્રેસ મટિરિયલ્સ

કલા નિકેતન
બોમ્બેવાલા

'કે.એન. હાઉસ' [illegible], નહેરૂબ્રીજ સામે, આશ્રમરોડ, અમદાવાદ. ફોનઃ ૨૬૫૮૦૦૫૦/૫૧